અપીલ અરજી નં.૧૦૨ તા.૮–૭–૦૯ /૧૦

અરજદારઃ શ્રી અમરનાથ ત્રિપાઠી

સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૧૫–૫–૦૯ ની અરજીથી મુદ્દાનં.(૧) આ.નં.૬૧૭૧ તા.૧૨–૧૧–૦૮ થી આપેલ નોટીસ બાદ ચાલ નં.૧૬૧ થી ૧૬૫ સાંઈ દર્શન એપા. ઉધનાગામના માલિકોએ કઈ બાંહેધરી આપી અને સીકયુરીટી ડીપોઝીટ જમાં કરાવી તેની પ્રમાણિત નકલ મુદ્દા નં.(૨) નોટીસ આપ્યા બાદ શું કાર્યવાહી કરી તેની માહિતી મુદ્દા નં.૩ પત્ર નં.૬૮૦ તા.૧૫–૫–૦૯ અનુસાર ૨/૩ માં આપેલી સુચનાની ન થયેલી કાર્યવાહી બાબતે આરટીઆઈની કઈ કલમમાં સૂચિત કરવામાં આવેલ છે કે તેવી માહિતી આપવામાં આવતી નથી. તેની પ્રમાણિત નકલ વિગેરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ***:– અરજદાર મજકુરની તા.૮–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૨/૨૦૦૯–૧૦

શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૧૫–૫–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૧) આ.નં.૬૧૭૧ તા.૧૨–૧૧–૦૮ થી આપેલ નોટીસ બાદ ચાલ નં.૧૬૧ થી ૧૬૫ સાંઈ દર્શન એપા. ઉધનાગામના માલિકોએ કઈ બાંહેધરી આપી અને સીકયુરીટી ડીપોઝીટ જમાં કરાવી તેની પ્રમાણિત નકલ મુદ્દા નં.(૨) નોટીસ આપ્યા બાદ શું કાર્યવાહી કરી તેની માહિતી મુદ્દા નં.૩ પત્ર નં.૬૮૦ તા.૧૫–૫–૦૯ અનુસાર ૨/૩ માં આપેલી સુચનાની ન થયેલી કાર્યવાહી બાબતે કઈ આરટીઆઈની કલમમાં સૂચિત કરવામાં આવેલ છે કે તેવી માહિતી આપવામાં આવતી નથી. તેની પ્રમાણિત નકલ વિગેરે માહિતી આપવા બાબતે નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૩૯૩ તા.૧૭–૭–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,ઉધનાઝોને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન /ટેક/ આ.૨૬૯૧ તા.૩૦–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો પુરી પાડવામાં આવેલ.

અરજદારની તા.૧૫–૫–૦૯ ની અરજીથી મુદ્દાનં.(૧) આ.નં.૬૧૭૧ તા.૧૨–૧૧–૦૮ થી આપેલ નોટીસ બાદ ચાલ નં.૧૬૧ થી ૧૬૫ સાંઈ દર્શન એપા. ઉધનાગામના માલિકોએ કઈ બાંહેધરી આપી અને સીકયુરીટી ડીપોઝીટ જમાં કરાવી તેની પ્રમાણિત નકલ મુદ્દા નં.(૨) નોટીસ આપ્યા બાદ શું કાર્યવાહી કરી તેની માહિતી મુદ્દા નં.૩ પત્ર નં.૬૮૦ તા.૧૫–૫–૦૯ અનુસાર ૨/૩ માં આપેલી સુચનાની ન થયેલી કાર્યવાહી બાબતે આરટીઆઈની કઈ કલમમાં સૂચિત કરવામાં આવેલ છે કે તેની માહિતી આપવામાં આવતી નથી. તેની પ્રમાણિત નકલ વિગેરે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ./૨૬૯૦ તા.૩૦–૭–૦૯ થી માહિતી આપેલ હોવાનું જણાય છે. જેમાં મુદ્દા નં.૧ અંગે આ.નં.૬૧૭૧ તા.૧૨–૧૧–૦૯ થી આપવામાં આવેલ નોટીસ બાદ સાંઈદર્શન એપાર્ટમેન્ટ (ઉધના ગામ) નાં માલિકોએ કોઈ બાંહેધરી આપેલ નથી તેમજ સીકયુરીટી ડીપોઝીટ જમા કરાવેલ નથી. મુદ્દા નં.૨ નોટીસ આપ્યા બાદ અત્રેથી સ્થળ પર વારંવાર કામ બંધ કરાવેલ છે. મુદ્દા નં.૩ સામાન્યતઃ થયેલ કાર્યવાહીની માહિતી આરટીઆઈ એકટ હેઠળ આપવાની હોય છે. પરંતુ ન થયેલ કાર્યવાહી બાબતે માહિતી આપવા અંગે આરટીઆઈ એકટમાં કોઈ જોગવાઈ/કલમ અંતર્ગત ઉલ્લેખ કરવામાં આવેલ નથી. એમ જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં નિયત સમયમાં માહિતી પુરી નહીં પાડેલ હોવાનું જણાવેલ.

આરટીઆઈ એકટની કલમ–૨ (એફ) અને ૨(જે) હેઠળ અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. સદર વિગતો મહાનગરપાલિકાની વેબસાઈટ પર પણ પ્રસિધ્ધ થયેલ છે જેનાથી અરજદાર મેળવી શકે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૫–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ ની ફરીયાદની હકીકતમાં જણાવેલ માહિતી અરજદાર વેબસાઈટ પરથી મેળવી શકે તેમ છે. તેમ છતાં પ્રકાશિત સ્વરૂપે મેળવવા ઈચ્છુક હોય તો દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ જણાવવામાં આવે તેટલી દસ્તાવેજી ફી ભરપાઈ કરી નકલ મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૮ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી અમરનાથ ત્રિપાઠી